પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૦૬ | ૧૭ જાન્યુઆરી, ૨૦૧૮, બુધવાર ; પોષ વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### પંજાબના સિંચાઈ અને વીજ મંત્રીનુ રાજીનામુ

પંજાબના સિંચાઈ અને વીજ મંત્રી ગુરજીતસિંગે રાજીનામુ આપ્યુ છે. ખનીજ કોન્ટ્રાક્ટરમાં પોતાના સ્ટાફની સંડોવણીના આરોપો થતાં તેઓએ રાજીનામુ ધર્યું છે.

### જસ્ટીસ લોયાના મૃત્યુના કાગળો સુપ્રિમને સુપ્રત

જસ્ટીસ લોયા મૃત્યુકેસના મહત્વના કાગળો સીલબંધ કવરમાં મહારાષ્ટ્ર સરકારે સુપ્રિમના સીનીયર વકીલ હરીશ સાલ્વેને સુપ્રત કર્યા છે.

### હરિયાણામાં પણ 'પદ્માવત' પર પ્રતિબંધ

રાજસ્થાન, મધ્યપ્રદેશ, ગુજરાત, હિમાચલપ્રદેશ અને ઉત્તરાખંડ બાદ આજે હરિયાણા સરકારે પણ 'પદ્માવત' ફિલ્મના પ્રસારણ સામે પ્રતિબંધ ફરમાવ્યો છે.

### કાબૂલમાં ભારતીય દૂતાવાસ પર રોકેટથી હુમલો

અફઘાનિસ્તાનની રાજધાની કાબૂલમાં ભારતીય દૂતાવાસના પરિસરમાં એક રોકેટ હુમલાના અહેવાલ મળી રહ્યા છે, જેમાં દૂતાવાસની ઈમારતના એક ભાગને નુકસાન પહોંચ્યું છે. કોઈ જાનહાનિ થઈ નથી.

### પતંજલી પરિધાન શરૂ થશે

બાબા રામદેવની પતંજલી ફર્મ દ્વારા હવે પતંજલી પરિધાન શરૂ કરાશે એમ પત્રકાર પરિષદમાં બાબા રામદેવે જણાવ્યુ હતુ.

# હવે હજયાત્રીઓ માટે સબસિડી બંધ

**કેન્દ્ર સરકારના નિર્ણયથી ૧.૭૫ લાખ હજયાત્રીઓને અસર થશે : હજ સબસિડીના ફંડનો મુસ્લિમ યુવતીઓ અને મહિલાઓના શિક્ષણ ઉપર ખર્ચ કરવામાં આવશે : કેન્દ્રીય લઘુમતિ બાબતોના પ્રધાન નકવીની જાહેરાત**



નવી દિલ્હી,તા. ૧૬

હજયાત્રા પર જનાર લોકોને આ વર્ષથી કોઈપણ પ્રકારની રાહત આપવામાં આવશે નહીં. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારે આખરે લાંબા ગાળાથી કરવામાં આવી રહેલી માંગને ધ્યાનમાં લઈને આ નિર્ણય કરવામાં આવ્યો છે. લઘુમતિ બાબતોના મંત્રી મુખ્તાર અબ્બાસ નકવીએ આજે આ મુજબની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, હજયાત્રા પર આપવામાં આવતી રાહત આ વર્ષથી ખતમ કરી દેવામાં આવી છે. એટલે કે હવે સબસિડી ચુકવવામાં આવશે નહીં. સરકાર તરફથી કહેવામાં આવ્યું છે કે, આ નિર્ણય લઘુમતિ સમુદાયના લોકોને ખુશ કર્યા વગર તેમને સશક્ત બનાવવાના ઈરાદાથી લેવામાં આવ્યો છે. તેમને વધુ મજબૂતી સાથે આગળ વધવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. સરકારના આ નિર્ણયથી ૧.૭૫ લાખ હજયાત્રીઓને અસર થશે. અત્રે નોંધનીય છે કે, વર્ષ ૨૦૧૨માં સુપ્રીમ કોર્ટે એક ઐતિહાસિક નિર્ણય આપતા હજ સબસિડીને ધીમે ધીમે ૨૦૨૨ સુધી

● અનુસંધાન પાન-૭ પર

# તાજમહેલની મુલાકાતથી નેતાન્યાહૂ પ્રભાવિત

**આગરા દર્શન કરીને નેતાન્યાહૂ દિલ્હી પરત : અમદાવાદ પહોંચવાની તૈયારી : રિવરફ્રન્ટ તેમજ ગાંધી આશ્રમ જશે**



નવી દિલ્હી, તા.૧૬

ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામીન નેતાન્યાહૂ આજે તાજ શહેર આગરા પહોંચ્યા હતા. પ્રેમના પ્રતિક સમાન બની ગયેલા તાજમહેલને નિહાળવા માટે બેન્જામીન નેતાન્યાહૂ તેમના પત્નિ સાથે પહોંચ્યા હતા. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ તેમની સાથે રહ્યા હતા. દુનિયાના સાત અજુબામાં સામેલ તાજમહેલના દિદાર કરીને નેતાન્યાહૂ ભારે પ્રભાવિત થયા હતા. તેમની યાત્રાને ધ્યાનમાં લઈને આગરામાં મજબૂત સુરક્ષા વ્યવસ્થા ગોઠવામાં આવી હતી. યોગીએ નેતાન્યાહૂ અને તેમના પત્નિનું ભવ્ય સ્વાગત કર્યું હતું. તેમને તાજમહેલની અંદર લઈ ગયા હતા અને ફોટો વાતચીત કરતા નજરે પડ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# અરૂણાચલમાં ચીનની ઘુસણખોરી નાથવા તકેદારી વધારાઈ

**ચીનની તમામ ગતિવિધી પર બાજ નજર રાખવા તાકિદની જરૂર : ચીનની એક રોડ નિર્માણ ટુકડી હાલમાં જ અરૂણાચલના ટુટિંગ વિસ્તારમાં ઘુસણખોરી કરી ગઇ હતી : કનેક્ટીવીટી, લોજિસ્ટિક સેટઅપની જરૂર છે**

નવી દિલ્હી,તા. ૧૬

સરહદ પર અતિક્રમણના હાલના બનાવ બાદ ભારત હવે સાવધાન થઈ ગયુ છે. અરૂણાચલ પ્રદેશમાં ચીનની ઘુસણખોરી બાદ હવે લાઈન ઓફ એક્ચુઅલ કન્ટ્રોલ અથવા તો વાસ્તવિક અંકુશ રેખા પર તકેદારી વધારી દેવા માટેની તૈયારી ભારત દ્વારા કરવામાં આવી છે. ચીનની એક માર્ગ નિર્માણ ટુકડી હાલમાં અરૂણાચલના ટુટિંગ વિસ્તારમાં ભારતીય ક્ષેત્રમાં એક કિલોમીટર સુધી અંદર ઘુસી ગઈ હતી. આવી સ્થિતીમાં ભારતને હવે અંકુશ રેખા પર મજબુત સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવાની જરૂર દેખાઈ રહી છે. ચીની સૈનિકોની ગતિવિધી પર નજર રાખવા અને જરૂર પડવાની સ્થિતીમાં વહેલી તકે પગલા લેવા માટે આર્મી અને ભારતીય તિબેટ સરહદ પોલીસ દળને વધુ તૈયાર રાખવા માટે કમર કસી લીધી છે. વધારે સારી કનેક્ટિવિટી , લોજિસ્ટિક સેટ અપ અને પુરતા પ્રમાણમાં બાજ નજર રાખવા માટે કમર કસી લીધી છે. ભારતીય સેનાને આ તમામની જરૂર છે કારણ કે આર્મી ચીફ જનરલ બિપિન રાવતના કહેવા મુજબ ચીન અંકુશ રેખા પર દબાણ વધારી રહ્યુ છે. અલબત્ત અંકુશ રેખા પર નજર રાખનાર સાધનો અથવા તો સર્વગ્રાહી બોર્ડર મેનેજમેન્ટ સિસ્ટમ કેટલી અસરકારક રહેશે તેના પર હાલમાં ધ્યાન આપવાની જરૂર છે.હકીકતમાં અંકુશ રેખા પર સીમાંકન નહીં હોવાના કારણ જટિલ સ્થિતી સર્જાયેલી છે. તેના પર આવનાર વિસ્તારો દુરગામી છે. વીજળી પણ

● અનુસંધાન પાન-૭ પર

# મોદી-નેતન્યાહુના રોડ-શો અને સ્વાગતની તૈયારીઓ



**એરપોર્ટથી ગાંધીઆશ્રમ સુધી વિવિધ આકર્ષણો : મોદી તેમજ ઇઝરાયલના વડાપ્રધાન નેતન્યાહુની સુરક્ષાને લઇ સુરક્ષા : એરપોર્ટ પર પણ જાજરમાન સ્વાગત કરાશે**

અમદાવાદ,તા. ૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામીન નેતન્યાહુની આવતીકાલની અમદાવાદ મુલાકાત ખાસ કરીને ગાંધી આશ્રમની મુલાકાત અને એરપોર્ટથી ગાંધી આશ્રમ સુધી આ બંને મહાનુભાવોના રોડ-શોને લઈ તડામાર તૈયારીઓને આખરી ઓપ અપાઇ ગયો છે. બંને દેશોના વડાપ્રધાનના રોડ-શો ને લઈ પોલીસ તંત્રના ઉચ્ચ અધિકારીઓ, એસપીજી અને ઈઝરાયલની સુરક્ષા ટીમ દ્વારા એરપોર્ટથી લઈ ગાંધી આશ્રમ સુધીના સમગ્ર રૂટ પર સુરક્ષાનું રિહર્સલ કરી લીધુ હતુ. બંને મહાનુભાવોની સુરક્ષાને લઈ લોખંડી સુરક્ષા વ્યવસ્થા તૈનાત કરી દેવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામીન નેતન્યાહુ આવતીકાલે સવારે ૧૦-૦૦ વાગ્યે અમદાવાદ એરપોર્ટ પર આવી પહોંચશે, તેને લઈ અમદાવાદ એરપોર્ટ પર પણ આ બંને મહાનુભાવોનું ભવ્યાતિભવ્ય અને જાજરમાન સ્વાગત કરવા માટે ખાસ તૈયારીઓ કરવામાં આવી છે. તો સાથે સાથે એરપોર્ટ પર પણ લોખંડી સુરક્ષા કવચ ખડકી દેવાયું છે.

# એન્કાઉન્ટરનું ખતરનાક કાવતરૂં હતુ : તોગડિયા

**તોગડિયાના સનસનાટીપર્ણ આક્ષેપોથી દેશભરમાં ખળભળાટ : મને કોઇએ માહિતી આપી કે, તમારું એન્કાઉન્ટર કરવા લોકો આવી રહ્યા છે જયપુર જવા માટે એરપોર્ટ તરફ જતી વખતે હું બેહોશ થઇ ગયો : તોગડિયા**

અમદાવાદ,તા. ૧૬

સોમવારે સવારે ભેદી સંજોગોમાં રહસ્યમયરીતે ગુમ થયેલા વિશ્વ હિન્દુ પરિષદના આંતરરાષ્ટ્રીય કાર્યાધ્યક્ષ ડો.પ્રવીણ તોગડિયા રાત્રે શાહીબાગની ચંદ્રમણિ હોસ્પિટલમાં નાટયાત્મક રીતે દાખલ થયેલા મળી આવ્યા હતા. દરમ્યાન આજે સવારે ડો.તોગડિયાએ એક પત્રકાર પરિષદ બોલાવી જાહેરમાં સનસનીખેજ આક્ષેપો કરતાં જણાવ્યું હતું કે, મારું એન્કાઉન્ટર કરવાનું ખતરનાક ષડયંત્ર હતું. છેલ્લા કેટલાક સમયથી રામમંદિર, ગૌરક્ષા અને હિન્દુત્વની મારી વાતો અને અવાજને દબાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે અને તેના ભાગરૂપે જ મારા એન્કાઉન્ટરનું ષડયંત્ર હતું. ડો.પ્રવીણ તોગડિયાએ આ સમગ્ર મામલામાં સમયે આવ્યે હું તમામ પુરાવા અને નક્કર હકીકતો રજૂ કરીશ એવો પણ દાવો કર્યો હતો. આજની પત્રકાર પરિષદ દરમ્યાન એક તબક્કે ડો.તોગડિયા ભાવુક બની ગયા હતા અને આંખમાં આંસુ સાથે રડી પડયા હતા. વિહિપના સર્વેસર્વા ડો.પ્રવીણ તોગડિયાના ગઈકાલ સવારથી ગુમ થયા બાદ અમદાવાદ શહેર અને ગુજરાત સહિત દેશભરમાં અનેક અટકળો અને તર્ક વિતર્કો વહેતા થયા હતા. આ તમામ સસ્પેન્સ અને ઈન્તેજારી વચ્ચે ગઈ મોડી રાત્રે ડો.તોગડિયા શાહીબાગની ચંદ્રમણિ હોસ્પિટલમાં દાખલ થયેલાનું સામે આવ્યું હતું. દરમ્યાન આ તમામ અટકળો અને તર્ક-વિતર્કો તેમ અફવાઓના ગરમ બજાર વચ્ચે બીજીબાજુ, ડો.પ્રવીણ તોગડિયાએ જાતે જ પ્રેસ કોન્ફરન્સ બોલાવી મીડિયાકર્મીઓ સમક્ષ ચોંકાવનારા ઘટસ્ફોટ કરતાં જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાક સમયથી મારા અવાજન દબાવવાનો અને મને ડરાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. હિન્દુઓની એકતા, રામમંદિર બનાવવા, ગૌ હત્યા પર પ્રતિબંધ જેવા મારા પ્રયાસોને દબાવવામાં



આવી રહ્યા છે. સેન્ટ્રલ આઈબી પણ નિશાન સાધતા ડો.તોગડિયાએ જણાવ્યું કે, દેશભરમાં દસ હજાર ડોકટરો જે મેં તૈયાર કર્યા છે, તેઓને ડરાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. જે અંગે તેમણે કેન્દ્ર સરકારને પણ પત્ર લખ્યો હતો. મારા વિરૂદ્ધમાં દેશભરમાં કાનૂન ભંગના વર્ષો જૂના કેસો ખોલવામાં આવી રહ્યા છે, જેની શરૂઆત ગુજરાતથી કરવામાં આવી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રવિવારે રાત્રે તેઓ મુંબઈથી પરત ફર્યા હતા અને રાત્રે ૨-૩૦ વાગ્યે પોલીસને આવવા કહ્યું હતું. ગઈકાલે સવારે તેઓ રૂમમાં પૂજા કરી રહ્યા હતા ત્યારે એક વ્યકિતએ તેમને આવી જણાવ્યું કે, ડોકટર સાહેબ, તાત્કાલિક તમે કાર્યાલય છોડી દો,

● અનુસંધાન પાન-૭ પર

# ઝેડ પ્લસ સુરક્ષા સાથે રાખી હોત તો વિસંગતતા સર્જાઇ ના હોત : ક્રાઈમ બ્રાન્ચ

**ઝેડ પ્લસ સુરક્ષાને છોડીને તોગડિયા કેમ ગયા : ક્રાઇમબ્રાંચની પ્રેસમાં તોગડિયાના ગુમ થવાના પ્રકરણમાં પરપોટો ફુટયો : હજુ ઘણી વિસંગતતા અને વિરોધાભાસ**

અમદાવાદ,તા. ૧૬

વિશ્વિ હિન્દુ પરિષદના આંતરરાષ્ટ્રીય કાર્યાધ્યક્ષ ડો.પ્રવીણ તોગડિયાના ગઈકાલે સવારથી ગુમ થયા બાદ મોડી રાત્રે શાહીબાગની ચંદ્રમણિ હોસ્પિટલમાં દાખલ થયાના સમગ્ર ઘટનાક્રમમાં આજે સાંજે શહેર ક્રાઈમબ્રાંચે પત્રકાર પરિષદ યોજી કેટલાક ચોંકાવનારા ખુલાસા કર્યા છે, જેમાં ડો.તોગડિયા અને તેમના સાથીઓની કેટલીક વાતોનો પરપોટો ફુટી ગયો હોય તેવુ ચિત્ર સામે આવ્યું હતું. સમગ્ર મામલામાં ઘણી વિસંગતતાઓ અને વિરોધાભાસી હકીકતો સામે આવી હતી. ક્રાઈમબ્રાંચના જોઈન્ટ પોલીસ કમિશનર જે.કે.ભટ્ટે તોગડિયાના ક્રાઈમબ્રાંચની કામગીરી સામે ઉઠાવાયેલા સવાલોનું ખંડન કરતાં સાફ શબ્દોમાં જણાવ્યું હતું કે, ક્રાઈમબ્રાંચ એ ભરોસાપાત્ર અને વિશ્વસનીય તપાસ એજન્સી છે. વાસ્તવમાં ડો.પ્રવીણ તોગડિયા ઝેડ પ્લસ સુરક્ષા હોવાછતાં તે છોડીને એકલા ન ગયા હોત તો, આ બધી વિસંગતતાઓ સર્જાઈ ના હોત. ઝેડ પ્લસ સુરક્ષા ડો.તોગડિયા પાસે હોવાછતાં તેઓ કેમ તેને છોડીને એકલા ગયા તે વાત ક્રાઈમબ્રાંચ માટે પણ આશ્ચર્યજનક છે. ડો.તોગડિયાની તબિયત સારી થયા બાદ તેમનું નિવેદન પણ લેવામાં આવશે એમ તેમણે ઉમેર્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગઈકાલે સવારે ૧૦-૪૫ વાગ્યાની આસપાસ રાજસ્થાન, સવાઈ માધોપુર જિલ્લાના ગંગાપુર પોલીસ સ્ટેશનના બે પોલીસના માણસો સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો અને વિહિપના ડો.પ્રવીણી તોગડિયા વિરૂધ્ધ ગંગાપુર સીટી મેજિસ્ટ્રેટ કોર્ટ દ્વારા કેસ નં.૧૦૭/૨૦૧૫ના કેસમાં ધરપકડ વોરંટ જારી કરાયું હોઈ તેમની ધરપકડ કરવા આવ્યા હોવાનું જણાવ્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ઘરકામ માટે બહેન જોઈએ છે
નાના કુટુંબ માટે ફુલ ટાઈમ ઘરકામ માટે કામવાળા બહેન તાત્કાલિક જોઈએ છે. સંતોષકારક પગાર આપવામાં આવશે.
રૂબરૂ મળો
પ્લોટ નં. ૪૨૫/૨,
સેક્ટર-૨બી, ગાંધીનગર.
મો - ૯૯૨૪૩ ૬૭૯૯૯

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર

વર્ષ ગાંઠે પ્રણામ



મિતાલી સાત્વિક ત્રિવેદી
જ. તા. ૧૭ જાન્યુઆરી
વ્હાલી મમ્મી,
આજે આપની
વર્ષ ગાંઠે
વ્હાલપૂર્વક
આદર પૂર્વક
મારા પ્રણામ
શ્રીકેત - શ્રીજા